મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૦ ટકા

ગાંધીનગર તાપમાન

આજે પંચદેવ મંદિર ખાતે પરંપરાગત મેળો ભરાશે

જન્માષ્ટમીની પૂર્વ સંધ્યાએ પરંપરાગત મેળાની તૈયારીઓ શરૂ : શહેરના વિવિધ મંદિરોમાં પણ કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૩

આજે સૌને વ્હાલા શ્રીકૃષ્ણનો જન્મોત્સવ. સૌ કોઈ ભગવાનને જન્મદિવસની વધામણી આપવા અર્થે મંદિરમાં જશે. દરેક મંદિરમાં જન્માષ્ટમી અર્થે ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પંચદેવ મંદિર સે-૨૨માં દર વર્ષે ભગવાનનો જન્મોત્સવ ઉજવાય છે. પંચદેવ મંદિરનો મેળો પણ પ્રખ્યાત છે. પરંપરાગત મેળામાં છેલ્લા કેટલાય વર્ષોથી મંદિરની બહારની જગ્યામાં વિવિધ વસ્તુના સ્ટોલ લાગે છે અને દર્શનાર્થીઓ મંદિરે દર્શન કરી મેળાની મજા પણ માણે છે.

આ વર્ષે પણ જન્માષ્ટમીની પૂર્વ સંધ્યાએ મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવની તૈયારી થઈ રહી છે. સાથે સાથે મેળાની તૈયારી પણ થઈ રહી છે. વિવિધ સ્ટોલ ધારકો પોતાના સ્ટોલ અગાઉથી જ તેની જગ્યા મુજબ બાંધી રહ્યા છે. આજે મંદિરની બહાર મેળાના સંદર્ભે વિવિધ પ્રકારના ૫૦૦થી વધુ સ્ટોલ મંદિરના સામેના ભાગમાં, સે-૨૧ હવેલી મંદિર સુધી, મંદિરથી ૧૭/૨૨ સુધી લાગશે. મેળો સવારના ૧૦ વાગ્યાથી રાતના ૧૨ વાગ્યા સુધી રહેશે. વિવિધ સ્ટોલ જેવા કે રમકડાં, ફુગ્ગા, કપડાં, વાસણ, માટીના વાસણ, બાળકો માટે નાના ચકડોળ, વિવિધ પ્રકારની ખાણીપીણી, બાળકોથી લઈ મોટેરાને કામ લાગે તેવી ચીજ વસ્તુઓના નાના-મોટા સ્ટોલ મેળામાં જોવા મળશે.

મેળામાં ટ્રાફિક પોલીસનું તંબુ પણ ઉભુ કરાશે. ચારેબાજુથી મેળામાં કોઈ પણ પ્રકારના વાહનોની અવરજવર પર નિયંત્રણ ટ્રાફિક પોલીસ દ્વારા રખાશે. ફકત દર્શનાર્થીઓને જ ચાલતા મંદિર સુધી જવા દેવાશે.

છેલ્લા ઘણા વર્ષોથી મંદિર માટે પણ સ્પેશિયલ પોલીસ બંદોબસ્ત રાખવામાં આવે છે. તેમ આ વર્ષે પણ પોલીસ દ્વારા મંદિરની અંદર અને બહાર ફરજ બજાવાશે.

મંદિરમાં રાત્રે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી પંચદેવ યુવક મંડળ તથા ભકતો દ્વારા ભજન સંધ્યા અને ૧૨ વાગ્યે કૃષ્ણ જન્મ ઉજવાશે તથા રવિવારને નોમના રોજ પરંપરા પ્રમાણે નંદોત્સવ ઉજવાશે.

શહેરના વિવિધ મંદિરોમાં પણ જન્માષ્ટમી પર્વની ઉજવણી વિવિધ કાર્યક્રમો દ્વારા કરાશે સાંજે પંજરી અને પેંડાનો પ્રસાદ દરેક ભકતોને અપાશે.

મેળાના આયોજનને પગલે શહેરીજનોમાં ભારે ઉત્સાહ પ્રવર્તે છે.

જન્માષ્ટમીનો પ્રસાદ 'પંજરી' ખાવાથી શરીરની ગરમી શમાઈ જાય છે

પંજરીના ફાયદા
- પંજરી માનસિક તાણ દૂર કરે છે.
- તાવ ઉતારવામાં મદદ કરે છે.
- પેટ સાફ લાવવામાં મદદ કરે છે.

જન્માષ્ટમી પ્રસંગે શહેરના વિવિધ મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાશે ત્યાર બાદ વહેંચાતો પ્રસાદ 'પંજરી' કે જે પાંચ તત્વોથી બને છે તેનું પણ આયુર્વેદમાં કંઈક અલગ મહત્વ છે.

પંજરી જે પાંચ તત્વો ધાણાજીરૂ, વરિયાળી, બુરુ ખાંડ, ઈલાયચી અને તજ-લવીંગના પાઉડરથી બને છે. વૈજ્ઞાનિક રીતે એમ કહેવાય કે તે ખાવાથી શરીરની ગરમી શમાઈ જાય છે. શહેરના જાણીતા આયુર્વેદીક ડૉકટર રાકેશ ભટ્ટના જણાવ્યા અનુસાર, રાંધણ છઠ્ઠે રાંધેલુ જે શીતળા સાતમના દિવસે આરોગ્યું હોય તેને કારણે શરીરમાં પાચન બરાબર ન થયું હોય અને તેને લીધે શરીરમાં પીત્તનું પ્રમાણ વધે છે અને તે શરીરમાં તાવનો અનુભવ કરાવે છે. જન્માષ્ટમીના દિવસે ઉપવાસ એટલે જ થાય છે કારણ કે જે સાતમના દિવસે ખાધું હોય તે જો ન પચ્યું હોય તો આઠમના દિવસે ઉપવાસ કરવાથી પચી જાય અને જો કંઈ હજી બાકી રહેતું હોય તો સાંજે પંજરીનો પ્રસાદ લેવાથી તે પેટમાં શમાઈ જાય.

આજે જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે બ્રહ્માકુમારીઝ સે-૨૮ શ્રીકૃષ્ણ બાળલીલાની ભવ્ય ચૈતન્ય ઝાંખી યોજાશે

ગાંધીનગર, તા.૨૩

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર-૨૮, ગાંધીનગર સેવાકેન્દ્રના પીસપાર્કમાં જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે ૨૪ ઓગસ્ટ, શનિવારે સવારે ૮ થી રાત્રે ૧૨ સુધી શ્રીકૃષ્ણની બાળલીલાની ભવ્ય ચૈતન્ય ઝાંખી રાખવામાં આવેલ છે.

બ્રહ્માકુમારી વિદ્યાલયના ભારત સહિત વિશ્વના ૧૪૭ દેશોમાં આવેલ દેશ વિદેશના તમામ સેવાકેન્દ્રો ખાતે ભવિષ્યમાં આવી રહેલ નવી પાવનતમ દુનિયાના પ્રથમ દૈવી રાજકુમાર શ્રીકૃષ્ણનું આહવાન કરી જન્માષ્ટમીની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહેલ છે. જે અંતર્ગત ગાંધીનગર માં પણ જન્માષ્ટમીની ભવ્ય ઉજવણીમાં રાખવામાં આવેલ આ ઝાંખીમાં બ્રહ્માકુમારી વિદ્યાલયમાં આવતાં નાનાં નાનાં બાળકો પોતે વિવિધ વેશભૂષા અને અલંકાર ધારણ કરી શ્રીકૃષ્ણની બાળ લીલા રજૂ કરશે. બાળલીલા સમગ્રતહ આકર્ષક અને મનમોહક બની રહેશે. ભાવિક ભકતો અને નગરજનોને આ ચૈતન્ય ઝાંખીનો લાભ લેવાં અને વિશેષ યોગ કક્ષમાં મનની સાચી શાંતિસહ યોગાભ્યાસ કરવા સેવાકેન્દ્ર સંચાલિકા રાજયોગીની કૈલાશ દીદીએ સૌને હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ પાઠવેલ છે.

જ્યારે આ જ દિવસે રાત્રે ૮ થી ૧૨ બ્રહ્માકુમારી વિદ્યાલયના સત્સંગી ભાઈ બહેનો માટે કાર્યક્રમ રહેશે. જેમાં યોગાભ્યાસ બાદ શ્રી કૃષ્ણ અને પરમપિતા શિવ પરમાત્માને ભોગ ધરાવવામાં આવશે ત્યાર બાદ શ્રી કૃષ્ણ જન્મોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ, રાસ અને ગરબાનો કાર્યક્રમ રહેશે.

લીપ ઈન્ટરનેશનલ સ્કુલ, સેકટર-૨-ડી ખાતે કૃષ્ણ જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. નાના નાના ભૂલકાંઓએ રાધા-કૃષ્ણની સુંદર વેશભૂષામાં સજ્જ થઈ ઉલ્લાસભેર જન્માષ્ટમીની ઉજવણી કરી હતી.

'જીટીયુ' 'સમર-૨૦૧૯' સેમેસ્ટર-૪ પરીક્ષાઓના પરિણામ

સેફ્રોની એન્જિનીયરીંગ કોલેજ યુનિવર્સિટી કક્ષાએ ૭મા અને ગાંધીનગર ઝોનમાં પ્રથમ ક્રમે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ઝોનની સુવિખ્યાત ઈજનેરી કોલેજ સેફ્રોની ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-એસ.પી.બી. પટેલ એન્જિનીયરીંગ કોલેજ ફરી એકવાર જવલંત સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી 'સમર-૨૦૧૯'ની ચોથા સેમેસ્ટરની પરીક્ષાઓમાં સેફ્રોની કોલેજે સમગ્ર ગુજરાતની ૧૦૯ ઈજનેરી કોલેજોમાં ૭મું સ્થાન અને ગાંધીનગર ઝોનની કોલેજોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

સેફ્રોની કોલેજનાં પ્રિન્સિપાલશ્રીની એક યાદીમાં જણાવાયું છે કે, કોલેજના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓની મહેનત અને સંસ્થાના મેનેજમેન્ટના સતત પ્રોત્સાહક વલણના ફળસ્વરૂપ આ ઝળકતી સિદ્ધિ હાંસલ થઈ શકી છે. અહી એ ઉલ્લેખનીય છે કે ગત સેમેસ્ટરોમાં પણ સેફ્રોની ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-એસ.પી.બી. પટેલ એન્જિનીયરીંગ કોલેજ ગાંધીનગર ઝોનમાં પ્રથમ રહી યુનિવર્સિટી કક્ષાએ ૧૨મો અને ૯મો ક્રમ મેળવ્યા છે.

પરિણામની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે, કોમ્પ્યુટર વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ કુંદન પ્રજાપતિ અને સંકલ્પ ગુપ્તાએ ૧૦માં થી ૧૦ SPI હાંસલ કરી પરફેકટ સ્કોર મેળવ્યો છે. ઉપરોક્ત સિદ્ધિ બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અને પ્રિન્સિપાલશ્રીએ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને બિરદાવી અભિનંદન આપ્યા હતા.

કુડાસણ પાસેથી યુજીવીસીએલના વાયરની ચોરી

કુડાસણ ખાતે ખુલ્લામાં પડેલા યુજીવીસીએલના રૂ.૭૬૦૦ ની કિંમતના કિંમતી વાયરોની ચોરી થઈ છે. કુડાસણ ખાતે રાધે રેસીડેન્સી અને નવકાર બંગ્લોઝ તરફ જતા માર્ગ પર કેબલનું કામ પૂર્ણ થયા બાદ પણ વાયરનો ૧૦ મીટરનો જથ્થો પડી રહ્યો હતો. આ વાયરનો જથ્થો કોઈ ચોર ઈસમ ઉઠાવી લઈ જતા યુજીવીસીએલના પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર એવા રાહિલ પટેલે ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

અડાલજ વિસ્તારમાં રીક્ષામાં બેસાડી લુંટ કરતી ટોળકીનો હાહાકાર

એપોલામાં ફરજ બજાવતી નર્સની સોનાની ચેઈન તેમજ પર્સની લુંટ

ગાંધીનગર, તા.૨૩

અડાલજ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રીક્ષામાં મહિલા મુસાફરોને બેસાડી લુંટ ચલાવતી ટોળકીએ હાહાકાર મચાવ્યો છે. લુંટ ચલાવતી ટોળકીને પગલે રીક્ષામાં બેસતા પણ નાગરીકો ડર અનુભવી રહ્યા છે. તાજેતરમાં અડાલજ પાસે નિવૃત શિક્ષિકા સાથે જે પ્રકારે લુંટ ચલાવાઈ હતી તે જ એમઓથી એપોલો હોસ્પિટલ પાસે નર્સ સાથે લુંટ થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ત્યારે ટોળકીને પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે લુંટારુ ગેંગના સભ્યો સુધી પોલીસના હાથ કયારે પહોંચે છે તે જોવું રહ્યું.!

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મુળ લુણાવાડાની અને એપોલો હોસ્પિટલ ખાતે નર્સ તરીકેની ફરજ બજાવતી ભાવના હિરેન પટેલ કોટેશ્વર ખાતે હોસ્ટેલમાં રહે છે. ગત તા.૧૨ ઓગસ્ટના રોજ નાઈટ શિફટ પૂર્ણ કર્યા બાદ સવારે ૧૧ કલાકે તે હોસ્પિટલના ગેટ પાસે ઉભી હતી. ત્યારે એક સીએનજી રીક્ષા આવી હતી જેમાં યુવતિ કોટેશ્વર જવા માટે રીક્ષામાં બેઠી હતી. તે પહેલા આ રીક્ષામાં અગાઉથી જ ડ્રાઈવરની પાસે તેમજ પાછળ સીટ પર બે શખ્સો મુસાફર બનીને બેઠા હતા. રીક્ષા આગળ ચાલી ત્યાં અવાવરુ જગ્યાનો લાભ લઈ બે શખ્સોએ પહેરેલી સોનાની ચેઈન તેમજ રોકડા રૂ.૪૭૦૦ ભરેલા પર્સની લુંટ ચલાવી હતી. ઘટનાથી ડઘાઈ ગયેલી યુવતિએ તે સમયે ફરીયાદ નોંધાવી ન હતી. પરંતુ તેના પતિ સાથે વાત કરીને ત્યારબાદ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વલાદ નજીક ફાર્મહાઉસમાંથી ૩૩ જુગારીઓ ઝડપાયા

૭૧,૯૦૦ રોકડ, મોબાઈલ, કાર સહિત ૧૦,૨૩,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર તાલુકાના ગોળવંટા ગામની સીમમાં આવેલા ફાર્મહાઉસમાંથી જુગાર રમતા ૩૩ શકુનીઓને ડભોડા પોલીસે ઝડપી પાડ્યા છે. ડભોડા પીએસઆઈ બી.આર.રાઠોડની ટીમના સભ્ય કોન્સ્ટેબલ મહોબતસિંહ વલાદ ગોળવંટા ગામે ફાર્મ હાઉસમાં ચાલતા મોટા પાયે ચાલતા જુગાર ધામની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રેઈડ કરતા ફાર્મ હાઉસની ઓરડીમાંથી ૩૩ શકુનીઓને પકડી પાડ્યા હતા. પોલીસે શકુનીઓ પાસેથી રોકડ રૂ.૭૧,૯૦૦, મોબાઈલ નંગ-૩૨, બાઈક, રીક્ષા, એકટીવા અને ઈનોવા ગાડી મળી કુલ રૂ. ૧૦,૨૩,૯૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ડભોડા પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે વલાદ પાસે આવેલા ગોળવંટા ગામની સીમમાં ફાર્મ હાઉસમાં જુગાર રમાઈ રહ્યો છે. જેને પગલે પોલીસે રેઈડ પાડતા રણવીરસિંહ વાઘેલા, ઉં.વ.૩૧ નિકોલ, પ્રિયાંક વ્યાસ ઉં.વ.૪૦ નરોડા, સંજયસિંહ વાઘેલા ઉં.વ.૩૨ વાસણ ગાંધીનગર, હિતન્દ્ર વ્યાસ ઉં.વ.૩૯ નરોડા, અમિત ગોસ્વામી ઉં.૪૨ ન્યું નિકોલ, વિરેન શાહ ઉં.૪૫ આણંદ, રમણ કલાલ ઉં. ૪૮ કાંકરીયા, ગોપાલ સોની ઉં.૪૭ આણંદ, હિતેન્દ્રસિંહ ચૌહાણ ઉં. ૩૪ આણંદ, ચંદ્રકાંત પટેલ ઉં.૪૪ ગાંધીનગર, તેજસ શાહ ઉં.૨૫ નવા નરોડા, કાંતિ પટેલ ઉં.૫૫ નરોડા, કેશવ નાયી ઉં.૨૯ નરોડા, પંકજ પટેલ ઉં.૫૫ નરોડા, પશાભાઈ રથવી ઉં.૩૯ પાટડી, રમેશ પટેલ ઉં.૫૫ નરોડા, ભુલેશ રાજપૂત ઉં.૩૬ શાસ્ત્રીનગર, ઘનશ્યામ પટેલ ઉં.૫૩ નરોડા, અર્પણ પટેલ ઉં.૩૧ નરોડા, તખતસિંહ રાવ ઉં.૫૦ સીટીએમ, પ્રકાશ આમરે ઉં.૫૮ નરોડા, ઉકારનાથ જોગી ઉં.૪૮ બાપુનગર, માંડીલાલ પટેલ ઉં.૩૯ નરોડા, વસંત પટેલ ઉં.૫૪ વટવા, નરેન્દ્ર દસાડીયા ઉં.૪૩ નરોડા ગામ, રાકેશ પટેલ ઉં.૪૨ નરોડા, શ્રેયસ પટેલ ઉં.૪૨ નરોડા, કમલેશ દવે ઉં.૪૨ આણંદ, મહેશ ભરવાડ ઉં.૩૧ નરોડા, વિરલ ચૌહાણ ઉં.૩૬ નોબલ નગર, ભાવિન પટેલ ઉં.૪૪ ઘાટલોડીયા, પ્રફુલ પટલે ઉં.૫૩ મહાદેવનગર, હાર્દિક પટેલ ઉં.૨૯ નરોડા,ને પોલીસે પકડી પાડ્યા હતા. જયારે ત્રણ જુગારી નાસી છુટવામાં સફળ રહ્યા હતા. જેમાં આશિષ પ્રજાપતિ અમદાવાદ, નિલેશ પટેલ લિમ્બડીયા, તેમજ ફાર્મ હાઉસના માલિક કલ્પેશ પ્રમુખ પટેલનો સમાવેશ થાય છે. જુગાર રમતા હતા તે ઓરડીમાંથી પોલીસને પ્લાસ્ટીકના કોઈન હાથમાં લાગ્યા છે. જેના પર રૂ.૫૦ થી લઈને ૧૦,૦૦૦ હજાર લેખલા હતા. આ પ્રકારના ૯૨૩ કોઈન પોલીસને મળી આવ્યા હતા. કોઈનનો સરવાળો કરીએ તો રૂ. ૧૨ લાખ થવા જાય છે.

આજે પંચદેવ મંદિર ખાતે પરંપરાગત મેળો ભરાશે

આજે ગાંધીનગરમાં

ધાર્મિક

● પંચદેવ મંદિર સે-૨૨ ખાતે રાત્રે ૧૦ થી ૧૨ પંચેદવ યુવક મડંળ તથા ભકતો દ્વારા ભજન સંધ્યા તથા ૧૨ વાગ્યે કૃષ્ણ ભજન યોજાશે. જયારે રવિવારે સવારે ૮ કલાકે નંદોત્સવ યોજાશે.

● ગાયત્રી મંદિર સે-૧ ખાતે જન્માષ્ટમી નિમિત્તે રાત્રે ૮ કલાકે રાધાકૃષ્ણ નૃત્ય નાટિકા અને મટકી ફોડનો કાર્યક્રમ યોજાશે.

● સોમનાથ મહાદેવ મંદિર સે-૧૬ ખાતે જન્માષ્ટમી નિમિત્તે રાત્રે ૯.૩૦ કલાકે શિવ મહિમ્ન પાઠ, ભજન સાથે રાસ ગરબા અને રાત્રે ૧૨ કલાકે આરતી તથા મટકીફોડ થકી નંદોત્સવ ઉજવાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે જન્માષ્ટમી નિમિત્તે રાત્રે ૮ થી ૧૨ કાર્યક્રમ યોજાશે.

● તિરૂપતિ મંદિર સે-૧૬ ખાતે રાત્રે ૮ થી ૧૨ દરમિયાન જન્માષ્ટમી નિમિત્તે કાર્યક્રમ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા સુધાબેન શુકલના નિવાસસ્થાન ડી-૯/૪૯ પરિમલ એપાર્ટમેન્ટ સે-૭-બી ખાતે ૯ કલાકે લઘુરૂદ્રાભિષેક યોજાશે.

● રંગ અવધૂત પરિવાર સે-૨૮ ખાતે રાત્રે ૮.૧૫ કલાકે રાકેશભાઈ દવે દ્વારા લઘુરૂદ્ર યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા ગીરીશભાઈ રસિકલાલ અધ્ધ્યારના નિવાસસ્થાન એ-૧/૧૨ ગ્રીનસીટી ખાતે શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રામધામ વાવોલ ખાતે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દેવી ભાગવત કથા યોજાશે તથા જન્માષ્ટમીની ઉજવણી કરાશે.

● કૃષ્ણ ભકત દાઉશ્રી દીપક આનંદ દ્વારા રાત્રે ૯ વાગ્યાથી કૃષ્ણ પ્રાગટય સુધી સે-૧૨ સ્થિત ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે.

સામાજીક અને સાંસ્કૃતિક

● ગાંધી મિત્ર વર્તુળની બેઠક સાંજે ૫ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી સે-૨૧ ખાતે મળશે.

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે જન્માષ્ટમી અંતર્ગત દર્શનના સમય

ગાંધીનગર, તા.૨૩

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે જન્માષ્ટમી અંતર્ગત દર્શનના સમય આ મુજબ રહેશે. મંગળા સવારે ૫.૩૦ થી ૬.૦૦, પંચામૃત દર્શન ૬.૩૦ થી ૭.૦૦, શણગાર ૧૦.૩૦ થી ૧૧.૦૦, રાજભોગ ૧૨.૦૦ થી ૧૨.૩૦, ઉત્થાપન ૬.૩૦ થી ૬.૪૫, સંધ્યા આરતી, ૭.૧૫ થી ૭.૪૫, શયન ૮.૪૫ થી ૯.૪૫, જાગરણ ૧૦ થી ૧૦.૩૦ તથા જન્મના દર્શન રાત્રે ૧૨.૦૦ થી ૧૨.૩૦ દરમિયાન યોજાશે.

બીજે દિવસે નંદ મહોત્સવ ઉજવાશે જેમાં સવારે ૮ કલાકે નંદ મહોત્સવ અને ૧૧.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન રાજભોગના દર્શન થશે.

બ્રહ્મક્ષત્રિય સમાજનો સ્નેહમિલન સમારોહ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૨૩

બ્રહ્મક્ષત્રિય સમાજ ગાંધીનગરનો વાર્ષિક સ્નેહમિલન તેમજ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ તા. ૨૫ ઓગષ્ટને રવિવારના રોજ બપોરે ૩ કલાકે સે-૨૩ કડી કેમ્પસ સ્થિત ખીમજી વિશરામ હોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સ્વરા ધડકન મ્યુઝીકલ ગ્રુપના કલાકારો દ્વારા ગીતોનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં તમામ બ્રહ્મક્ષત્રિય પરિવારજનોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **મિશન મંગલ**
૯.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૨.૫૦, ૪.૫૦, ૫.૪૦, ૭.૪૦, ૮.૩૦, ૧૦.૩૦

● **બાટલા હાઉસ**
૧૦.૦૦, ૧૧.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

● **મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)**
૨.૩૦, ૧૦.૧૫

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
ડી હિન્દી-૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૬.૧૫, ૮.૩૦

સિટી પલ્સ કુડાસણ

● **મિશન મંગલ**
૧૨.૩૦, ૩.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

● **બાટલા હાઉસ**
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

● **મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)**
૬.૩૦

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
૨-ડી હિન્દી ૫.૩૦

● **ચાલ જીવી લઈએ**
૧૨.૩૦

● **ચાસની (ગુજરાતી)**
૩.૩૦, ૯.૩૦

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **મિશન મંગલ**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૪૫, ૧.૪૫, ૩.૩૫, ૪.૩૫, ૬.૨૫, ૭.૨૫, ૯.૧૫, ૧૦.૧૫

● **બાટલા હાઉસ**
૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫, ૧૦.૧૫

● **મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)**
૯.૪૫, ૬.૨૫, ૯.૧૫

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
ડી હિન્દી ૯.૦૦, ૧.૧૫, ૩.૩૦, ૮.૦૦

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● **મિશન મંગલ**
૧૦.૩૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૩૦

● **બાટલા હાઉસ**
૧૦.૦૦, ૧.૧૦, ૪.૨૦, ૭.૩૦, ૧૦.૪૦

● **ચાસની (ગુજરાતી)**
૯.૪૫

● **મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)**
૧૨.૦૦, ૬.૦૦

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
હિન્દી ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

જલારામ મંદિર સે-૨૯ ખાતે જન્માષ્ટમીની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૩

લોહાણા યુવા સંગઠન ગાંધીનગર દ્વારા જન્માષ્ટમી પ્રસંગે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવણીના ભાગરૂપે શ્રી સરસ્વતી કલાવૃંદના સુરતાલે રાસ ગરબા તથા વિવિધ કાર્યક્રમ યોજાશે. રાત્રે ૮.૩૦ થી ૧૧ દરમિયાન રાસ ગરબા, ૧૧ થી ૧૧.૧૫ ઈનામ વિતરણ, ૧૧.૧૫ થી ૧૧.૩૦ મટકી ફોડ તથા ૧૨ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે. સંસ્થા દ્વારા લોહાણા સમાજ તથા શહેરની જનતાને ઉપસ્થિત રહેવા જણાવાયુ છે.

ત્રિદલ સંસ્થાની બેઠક મળશે

ગાંધીનગર, તા.૨૩

ત્રિદલ સંસ્થાની ઓગષ્ટ માસની બેઠક તા. ૨૫ ઓગષ્ટના રોજ સાંજે ૫ કલાકે ૭૯૦/૧ નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન સે-૨૧ ખાતે મળશે. જેમાં જાણીતા વિચારક કર્મશીલ ડંકેશ ઓઝા બદલાતી સમાજ વ્યવસ્થા વિષય પર વાર્તાલાપ કરશે. સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા નગરજનોને હાજર રહેવા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. પટેલ છગનભાઈ ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૮
- સ્વ. ગાંડાજી બેચરજી ચૌહાણ, ઉ.વ. ૭૧
- સ્વ. બજાણીયા લક્ષ્મીબેન કાળુભાઈ, ઉ.વ. ૪૮
- સ્વ. ભવાનજી મકુજી વાઘેલા, ઉ.વ. ૯૨